Ashok H. Patel
Advocate

BCG Enrollment No. : G/308/1980

## :: ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ ::

પ્રતિ,
શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદારો
મહેશકુમાર નાથુભાઈ ચૌધરી અને
દિલીપભાઈ ભુદરભાઈ પટેલ

Ashok H. Patel Advocate Gandhinagar

વિષયઃ– ગાંધીનગર તાલુકા અને જીલ્લાના મોજે ઉવારસદની સર્વે નં.૬૩૭ પૈકી જમીન કે જેનો બ્લોક નં.૨૭૯૫/૦૦૧ ની ૬૨૬૩ ચો.મી. જમીન જે વાસણાહડમતીયા–ઉવારસદ–સરગાસણ–તારાપુર–વાવોલના ટી.પી.સ્કીમ નં.૯ માં સમાવેશ થતા તેનો આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૮૭/૧ કે જેના ફાઈનલ પ્લોટનું ક્ષેત્રફળ ૪૦૭૧ છે તેવી બીનખેતીની મંજુરીવાળી જમીન અંગે ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ.

---

ઉપરોક્ત વિષયમાં જણાવેલ જમીન સંબંધેશિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો મહેશકુમાર નાથુભાઈ ચૌધરી અને દિલીપભાઈ ભુદરભાઈ પટેલએ અમો પાસે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી કરી અમોને તે અંગેના તમામ રેવન્યુ રેકર્ડસ તેમજ રેવન્યુ ઓથોરીટીના હુકમો અને વેચાણ દસ્તાવેજો આપેલ છે. અમોએ તા.૧૨.૦૬.૨૦૨૨ ના રોજના સંદેશ દૈનિક સમાચાર પત્રના પાના નં.૮ ઉપર ઉપરોક્ત વિષયમાં જણાવેલ જમીન સંબંધે ટાઈટલ સર્ટીફીકેટ

આપતા અગાઉ કોઈના કોઈપણ જાતના હકકદાવા અથવા વાંધા તકરારો હોય તો દિન–૭ માં રજુ કરવા સંબંધે જાહેરાત પ્રસિધ્ધ કરેલ હતી. તે સમયે શ્રી પ્રમુખભાઈ ડાહયાભાઈ પટેલ વિગેરેએ અમો પાસેથી સદરહું જમીનનું ટાઈટલ સર્ટીફીકેટ માંગેલ હતુ અને તેમાં આજદીન સુધી અમો સમક્ષ કોઈ વાંધા કોઈના ધ્વારા રજુ થયેલ ન હતા. તેથી ત્યારબાદ અમોએ પુનઃ જાહેર નોટીસ આપેલ નથી અને રેવન્યુ રેકર્ડ તથા દસ્તાવેજો અને સબરજીસ્ટ્રારશ્રી, દસ્તાવેજ નોંધણી કચેરીના સર્ચ આધારે આ ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ આપેલ છે.

અમોએ સને ૧૯૫૧–૫૨ થી ૭/૧૨ ના ઉતારા, તમામ ૬/અ ના હકકપત્રકો તેમજ રેવન્યુ ઓથોરીટી ધ્વારા કરવામાં આવેલ હુકમો તેમજ દુરસ્તીપત્રક આધારે થયેલ ફેરફાર નોંધોની વિગતવાર ચકાસણી કર્યા બાદ આ રીપોર્ટમાં જણાવ્યા મુજબની હકીકતો જણાય આવે છે.

બ્લોક નં.૨૭૯૫/૦૦૧ તે મુળ સર્વે નં.૬૩૭ પૈકીની જમીન છે. મુળ સર્વે નં.૬૩૭ ના માલીક બેચરભાઈ વલવભાઈ હતા જેઓ સને ૧૯૫૦ ના અરસામાં મૈયત થતાં તેમની વારસાઈમાં સગીર ભગવાનજી બેચરજીના વાલી બાઈ રેવા તે બેચર વલવની વિધવા ખાતે સદરહું જમીન કબજેદાર કોલમમાં દાખલ થયેલી. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૩૪૨૨ દાખલ થયેલ છે. સદરહું જમીન નવી શરતની હતી પરંતુ, પ્રાંત અધિકારીશ્રીના તા.૦૬.૦૬.૧૯૮૧ ના રોજના હુકમથી સર્વે નં.૬૩૭ ની જમીનના નવી શરતના નિયંત્રણમાંથી મુકિત શરતો આધીન આપવામાં આવેલ તેના અંગેની ફેરફાર નોંધ નં.૭૬૮૩ સને ૧૯૮૧ માં પાડી પ્રમાણીત કરવામાં આવેલી છે. સદરહું જમીન બીનખેતી પ્રસંગે પ્રિમીયમ પાત્ર જુની શરતની થયા બાદ સદરહું

જમીનના માલીક કબજેદાર ભગવાનજી બેચરજીએ સદર સર્વે નં.૬૩૭ ની જમીન તા.૧૯.૦૬.૧૯૮૧ ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી શ્રી અંબાલાલ ત્રિભોવનદાસને વેચાણ આપેલી. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૭૪૦૦ દાખલ થયેલી છે. શ્રી અંબાલાલ ત્રિભોવનદાસે સદર સર્વે નં.૬૩૭ ની જમીન વેચાણ રાખેલ તે અંગે કૃષિપંચ મામલતદારશ્રી ધ્વારા ગણોતધારા કલમ–૮૪(સી) અન્વયેનો ગણોત કેસ નં.૨૭૩૦/૮૨ ચાલી જતા તેઓના તા.૦૬.૦૬.૧૯૮૩ ના રોજના હુકમથી સદરહું જમીન ૯૦ દિવસમાં મુળ સ્થિતીમાં લાવવી અને જો અમલ ન થાય તો શ્રી સરકાર દાખલ થાય તેવો હુકમ કરેલ. તેવા હુકમની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૮૬૩૧/૧૧ સને ૧૯૮૩ માં પાડવામાં આવેલ. ત્યારબાદ કૃષિપંચ મામલતદારશ્રીના હુકમને પ્રાંત અધિકારી સમક્ષ ગણોત અપીલ નં.૩૯/૮૬ થી ૫૪/૮૬ પડકારવામાં આવતા પ્રાંત અધિકારીશ્રીના તા.૩૦.૦૫.૧૯૮૬ ના રોજના હુકમથી કૃષિપંચ મામલતદારશ્રીના ઠરાવો રદ કરી યાને ફેરફાર નોંધ નં.૭૬૩૧/૧૧ ના ઠરાવો રદ કરી અપીલ માન્ય રાખેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૭૫૮૩ દાખલ કરવામાં આવેલી. તેવી નોંધથી શ્રી સરકાર નામ કમી કરી પુનઃ અંબાલાલ ત્રિભોવનદાસનું નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ અંબાલાલ ત્રિભોવનદાસ પટેલે તા.૧૧.૦૧.૧૯૮૩ ના રોજ બીનઅવેજી રજી.દસ્તાવેજ કરી સદર સર્વે નં.૬૩૭ ની જમીન તેમના પુત્ર ગોવિંદભાઈ અંબાલાલને ટ્રાન્સફર કરેલ. તેવા બીનઅવેજી રજી.દસ્તાવેજ અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૭૮૬૭ સને ૧૯૮૬ માં પાડવામાં આવેલ. તેથી તેવી નોંધના આધારે ગોવિંદભાઈ અંબાલાલનું નામ કબજેદાર

કોલમમાં દાખલ થયેલ. શ્રી ગોવિંદભાઈ અંબાલાલે સદર જમીનના ૭/૧૨ ના ઉતારા પર નવી શરતની નોંધ હોય નવી શરત શબ્દ દુર કરવા પ્રાંત અધિકારીશ્રી સમક્ષ અપીલ નં.૧૩/૦૨ દાખલ કરેલ જે પ્રાંત અધિકારીશ્રીએ નામંજુર કરી અપીલ દફતરે કરવા હુકમ કરેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ ન.૧૦૬૧૭ સને ૨૦૦૬ ની સાલમાં પાડવામાં આવેલી છે. સદરહું જમીન ટી.પી.માં સમાવેશ થતી હોય સર્વે નં.૬૩૭ ની જમીનમાંથી ૩૫% ટી.પી. કપાત બાદ કરતા બાકી રહેતી ૬૭૭૪ ચો.મી. જમીનને નવી શરતમાંથી બીનખેતીના રહેણાંક હેતુ માટે ફેરબદલ કરવા કરેલ કાર્યવાહી અનુસંધાને કલેકટરશ્રીના તા.૧૭.૦૨.૨૦૦૯ ના રોજના હુકમથી સદરહું જમીન નવી શરતમાંથી રહેણાંક હેતુ માટે જુની શરતમાં ફેરબદલ કરવા આદેશ થયેલ તેવા આદેશની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૨૦૨૮ દાખલ થયેલ છે. સર્વે નં.૬૩૭ ની ટી.પી. કપાત બાદ કરતા બાકી રહેલ ૬૭૭૪ ચો.મી. જમીનને રહેણાંક હેતુ માટે બીનખેતીની મંજુરી મેળવવા શ્રી ગોવિંદભાઈ અંબાલાલ પટેલે કલેકટરશ્રી સમક્ષ કાર્યવાહી કરતા કલેકટરશ્રીના તા.૩૦.૦૩.૨૦૧૦ ના રોજના હુકમથી રહેણાંક હુકમ માટે બીનખેતીની મંજુરી આપવામાં આવેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૨૨૬૩ સને ૨૦૧૦ માં પાડવામાં આવેલી. ત્યારબાદ સદર સર્વે નં.૬૩૭ ની ટી.પી. કપાત બાદ કરતા બાકી રહેલ જમીનનો ટી.પી. સ્કીમ નં.૯ માં સમાવેશ થયેલ હોય અને જેનું ક્ષેત્રફળ ૬૨૬૩ ચો.મી. હોય તેમાંથી ફાઈનલ પ્લોટ નં.૮૭/૧ કે જે આશરે ૪૦૭૧ ચો.મી. જમીન તા.૩૧.૦૭.૨૦૧૦ ના રોજના રજી.વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૧૪૬૩૫ થી ગોવિંદભાઈ અંબાલાલ પટેલે

શ્રી પ્રમુખભાઈ ડાહયાભાઈ પટેલ, દિપીકાબેન પ્રમુખભાઈ પટેલ અને નિમીત પ્રમુખભાઈ પટેલને વેચાણ આપેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૨૫૪૯ પાડવામાં આવેલ છે. સદર સર્વે નં.૬૩૭ ની ૧૦૪૨૧ ચો.મી. જમીન પૈકી ૪૧૫૮ ચો.મી. જમીનના ૩૫% બાદ કરતા બાકી રહેતી ૬૫% જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં.૯ માં ફાઈનલ પ્લોટ નં.૮૭/૧ થી ફળવાયેલ ૨૭૦૩ ચો.મી. જમીનનો તા.૦૯.૦૮.૨૦૧૦ ના રોજ રજીસ્ટ્રેશન નં.૧૪૬૬૫ થી ગોવિંદભાઈ અંબાલાલ પટેલે પ્રમુખ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા રોનક દશરથભાઈ ચૌધરીને દસ્તાવેજ કરી આપેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૨૫૬૪ દાખલ થયેલ છે. સર્વે નં.૬૩૭ ની જમીનમાંથી ટી.પી.કપાત બાદ કરતા બાકી રહેલ ફાઈનલ પ્લોટની જમીનમાંથી ૨૫૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક હેતુના બદલે વાણીજય હેતુ માટે ફેરબદલ કરતા કલેકટરશ્રીના તા.૩૧.૦૩.૨૦૧૪ ના રોજના હુકમથી ૨૫૦૦ ચો.મી. જમીનને રહેણાંક હેતુમાંથી વાણીજય હેતુ માટે ફેરબદલ કરવા કલેકટરશ્રીએ મંજુરી આપેલ તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૪૨૨૬ દાખલ થયેલ છે. ૨૫૦૦ ચો.મી. જમીન વાણીજય હેતુ માટે ફેરબદલ કરવામાં આવેલ તેનો બીનખેતી ધારો રૂા.૦.૬૦ પૈસા વસુલ લેવાની શરતે રીવાઈઝડ બીનખેતીની પરવાનગી આપવા જીલ્લા કલેકટરશ્રીના તા.૨૯.૦૩.૨૦૧૪ ના રોજના હુકમથી ફેરફાર નોંધ નં.૧૪૫૫૩ દાખલ થયેલ છે. ત્યારબાદ સદર સર્વે નં.૬૩૭ ની ફાઈનલ પ્લોટ નં.૬૭૭૪ ચો.મી. જમીન પૈકી ૧૫૦૦ ચો.મી. જમીનમાં વાણીજયના હેતુ માટે હેતુફેરની કાર્યવાહી કરતા કલેકટરશ્રીના તા.૦૩.૦૯.૨૦૧૫ ના રોજના હુકમથી રહેણાંક

માંથી વાણીજયના હેતુ માટે ફેરબદલ કરી આપેલ. તેના અંગેની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૪૮૨૬ સને ૨૦૧૫ માં પડેલી. સર્વે નં.૬૩૭ ની જમીનમાં ગણોતધારા કલમ–૪૩ ની મંજુરી મળેલ અને તેનો સમયગાળો વિનીયમીત કરી મુદત વધારી આપવા અંગેના કલેકટરશ્રીના તા.૦૯.૦૮.૨૦૧૬ ના રોજના હુકમની ફેરફાર નોંધ નં.૧૫૨૯૪ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ. પ્રાંત ઓફીસરશ્રીના હુકમ આધીન રીસર્વે પ્રમોલગેશન અંગે ફેરફાર નોંધ નં.૧૫૬૨૧ દાખલ થયેલ છે. સર્વે નં.૬૩૭ ની ટી.પી. કપાત બાદ કરતા બાકી રહેલ ૬૭૭૪ ચો.મી. જમીન પૈકી ૧૫૭૧ ચો.મી. જમીનમાં રહેણાંકને બદલે વાણીજય હેતુ માટે ફેરબદલ કરવા અંગે પરવાનગી આપતા કલેકટરશ્રીના તા.૨૫.૧૧.૨૦૧૯ ના રોજના હુકમની ફેરફાર નોંધ નં.૧૭૦૬૨ દાખલ થયેલ છે. ત્યારબાદ ડી.આઈ.એલ.આર.ના તા.૩૧.૧૨.૨૦૨૦ થી થયેલ કે.જે.પી. આધારે તૈયાર થયેલ દુરસ્તી પત્રક નં.૧૧ ની રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નં.૧૭૯૦૨ દાખલ થતા સર્વે નં.૬૩૭ પૈકીની બ્લોક નં.૨૭૯૫/૦૦૧ ની કુલ ૬૨૬૩ ચો.મી. જમીન કબજેદાર કોલમમાં પ્રમુખભાઈ ડાહયભાઈ, દિપીકાબેન પ્રમુખભાઈ અને નિમીત પ્રમુખભાઈ ખાતે દુરસ્તી થયા પછી દાખલ કરવામાં આવેલ. અને ૪૧૫૮ ચો.મી. જમીન પ્રમુખ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા રોનક દશરથભાઈ ચૌધરી તથા સદર જમીનમાં આવેલ અન્ય પ્રમુખ બંગલોઝના બંગલા ધારકોના નામે દાખલ કરવામાં આવેલ. શ્રી રાકેશ અશ્વિનભાઈ પટેલ નામના ઈસમે પ્રાંત ઓફીસરશ્રી સમક્ષ આર.ટી.એસ.અપીલ નં.૩૨૪/૨૦ બ્લોક નં.૨૭૯૫/૦૦૧ અને ૨૭૯૫/૦૦૨

સંબંધે દાખલ કરેલ જે પ્રાંત ઓફીસરશ્રીના તા.૧૧.૧૦.૨૦૨૧ ના હુકમથી લીમીટેશનના મુદે રદ થયેલી.

ફેરફાર નોંધ નં.૧૩૭૨૨, ૧૪૦૫૧, ૧૪૦૫૪, ૧૪૦૫૫, ૧૪૦૫૬, ૧૪૦૫૭, ૧૪૦૫૮, ૧૪૦૬૦, ૧૪૦૬૪, ૧૪૦૬૬, ૧૪૦૬૭, ૧૪૦૭૫, ૧૪૦૯૮, ૧૪૧૨૨, ૧૪૨૫૯, ૧૪૫૫૧, ૧૪૫૫૨, ૧૪૯૦૩, ૧૫૧૬૩, ૧૫૧૨૦, ૧૫૧૮૨, ૧૫૧૯૧, ૧૫૨૪૫, ૧૫૪૭૫, ૧૫૫૫૯, ૧૫૫૬૮, ૧૫૬૨૩, ૧૫૬૫૮, ૧૫૮૩૮, ૧૬૦૭૭, ૧૬૩૪૨, ૧૬૪૭૧, ૧૬૪૦૮, ૧૬૮૩૫, ૧૫૫૭૪, ૧૭૮૭૯.

ઉપરોક્ત નોંધો પ્રમુખ કોર્પોરેશનએ નામની ભાગીદારી પેઢી વતી તેમના વહીવટકર્તા ભાગીદારે સર્વે નં.૬૩૭ ની ફાઈનલ પ્લોટ નં.૮૭/૨ તથા અન્ય જમીનોમાં બનાવેલ પ્રમુખનગર બંગલોઝના બંગલોઝ યુનીટ તેના વેચાણ લેનારાઓને વેચાણ આપેલ તેના વેચાણ દસ્તાવેજ અંગેની ફેરફાર નોંધો છે તેમજ વેચાણ લેનાર ઈસમોએ અન્ય ત્રાહિત ઈસમોને વેચાણ આપેલ તેના અંગેની નોંધો છે જેને વાદગ્રસ્ત જમીન સાથે કાંઈ જ લેવા દેવા નથી. તેથી સદર નોંધોની સ્પષ્ટતા ટાઈટલ રીપોર્ટમાં કરવામાં આવેલ નથી.

અમોએ સદરહું જમીન સંબંધે છેલ્લા ૩૦ વર્ષનું સબરજીસ્ટ્રારશ્રી, દસ્તાવેજ નોંધણી કચેરીમાં તા.૧૩.૦૪.૨૦૨૩ ના રોજ સર્ચ કરાવેલ છે અને સર્ચ તા.૧૦.૦૪.૨૦૨૩ સુધીનું કરાવેલ છે. તેમાં પ્રમુખભાઈ ડાહયાભાઈ પટેલએ ઈન્ડીયન ઈન્ફોલાઈન ફાયનાન્સ લી. અમદાવાદમાંથી રૂા.૬,૦૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા છ કરોડની લોન લઈ તા.૦૧.૧૨.૨૦૧૨

ના રોજ મોર્ગેજ કરેલ હતી પરંતુ, તેવુ મોર્ગેજ તા.૦૬.૧૨.૨૦૧૪ ના રોજ રજીસ્ટ્રેશન નં.૧૬૩૬૭ થી મુકત કરાવેલ છે. તદઉપરાંત તેઓએ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાંથી તા.૨૯.૦૮.૨૦૨૦ ના રોજ રૂા.૮૬,૦૫,૦૦૦/– અંકે રૂપિયા છયાસી લાખ પાંચ હજાર પુરાનું ધીરાણ લઈ બેંકને મોર્ગેજ કરી આપેલ. પરંતુ, તેવુ ધીરાણ તેઓએ ભરપાઈ કરી આપી તા.૦૬.૦૫.૨૦૨૩ ના રોજ રજીસ્ટ્રેશન નં.૨૫૦૦૧ થી મોર્ગેજ મુકિતનો દસ્તાવેજ કરાવેલ છે અને સદરહું જમીનને મોર્ગેજ મુકત કરાવેલ છે. સદરહું જમીન શ્રી પ્રમુખભાઈ ડાહયાભાઈ પટેલ વિગેરેએ રજી.વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૧૪૭૨૩ થી તા.૨૭.૦૩.૨૦૨૩ ના રોજ શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢી તરફે રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં, સદરહું જમીનનો કબજો ભોગવટો શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસના ભાગીદારોને સુપ્રત કરવામાં આવેલો છે.

અમોએ છેલ્લા ૩૦ વર્ષનું સબરજીસ્ટ્રારશ્રી, દસ્તાવેજ નોંધણી કચેરીમાં સદર સર્વે નં.૬૩૭ અને ત્યારબાદ તેના નવા થયેલ બ્લોક નં.૨૭૯૫/૦૦૧ નું સર્ચ કરતા ઉપરોકત રીપોર્ટમાં જણાવ્યા મુજબના તબદીલીના વ્યવહારો સિવાય અન્ય કોઈ વ્યવહારો તબદીલી અંગે થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમજ સદરહું જમીન પર કોઈપણ જાતનો બોજો, ચાર્જ, લીયન ઉત્પન્ન કરવામાં આવેલ હોય અને સદરહું જમીન મોર્ગેજમાં આપવામાં આવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આ રીતેની વિગતે ઉપર આ રીપોર્ટમાં જણાવ્યા મુજબ હું મારુ ટાઈટલ સર્ટીફીકેટ નીચે મુજબ આપુ છુ.

:: ટાઈટલ સર્ટીફીકેટ ::

ગાંધીનગર તાલુકા અને જીલ્લાના મોજે ઉવારસદની સર્વે નં.૬૩૭ ની કુલ ૧૦૪૨૧ ચો.મી. જમીન પૈકી ૬૨૬૩ ચો.મી. જમીન શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢી વેચાણ દસ્તાવેજથી માલીક કબજેદાર થયેલ છે તેમજ ૪૧૫૮ ચો.મી. જમીન પ્રમુખ કોર્પોરેશનએ નામની ભાગીદારી પેઢી અને પ્રમુખ બંગલોઝના અન્ય બંગલા ધારકોના નામે રેવન્યુ રેકર્ડે ચાલે છે તેથી સર્વે નં.૬૩૭ ની જમીન પૈકી બ્લોક નં.૨૭૯૫/૦૦૧ ની ૬૨૬૩ ચો.મી. જમીન પ્રમુખભાઈ ડાહયાભાઈ પટેલ વિગેરે પાસેથી શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢીએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે અને સર્વે નં.૬૩૭ ની જમીન પૈકી બ્લોક નં.૨૭૯૫/૦૦૨ ની ૪૧૫૮ ચો.મી. જમીન પ્રમુખ કોર્પોરેશનએ નામની ભાગીદારી પેઢી અને તેમાં આવેલ પ્રમુખ બંગલોઝના બંગલા ધારકોના નામે અલગ ૭/૧૨ ના પાનીયાથી ચાલે છે તેથી સર્વે નં.૬૩૭ પૈકીની બ્લોક નં.૨૭૯૫/૦૦૧ ની ૬૨૬૩ ચો.મી. બીનખેતીની જમીનના માલીક કબજેદાર શિક્ષાપત્રી ઈન્ફ્રા સ્પેસએ નામની ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો છે અને તેઓ તરફે સદર જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

તા.૦૮.૦૫.૨૦૨૩
ગાંધીનગર

અશોક એચ. પટેલ
એડવોકેટ

Ashok M. Patel
Advocate
Gandhinagar